ડી.એ.હરપ્લાની
કાર્યપાલક ઈજનેર
રોડ ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ.

સુરત મહાનગરપાલિકા,
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩
FAX NO. 0261-2422110

અપીલ અરજી તા.૦૭/૦૬/૨૦૧૬
(મધ્યસ્થ કેચરી)
ક્રમ નં.ડી/૨૪૫૪
RDD/OUT NO.348,
DT.08-07-2016

**અરજદાર** :– શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ

**સામાવાળા** :– (૧) ડેપ્યુટી ઈજનેરશ્રી અને જાહેરમાહિતી અધિકારીશ્રી (રોડ ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ)
(૨) કાર્યપાલક ઈજનેરશ્રી અને અપીલ અધિકારીશ્રી (રોડ ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ)

**ફરિયાદની હકીકત**

**વિષય** :– આરટીઆઈ એક્ટ હેઠળની શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની અરજી આઈ.ડી.નં.૬૧૨ (મધ્યસ્થ કચેરી) તા.૧૦/૦૨/૨૦૧૬ ની અરજીથી માહિતીનો સમયગાળો તા.૦૧/૦૧/૨૦૧૦ થી તા.૩૧/૦૧/૨૦૧૬ સુધી તમામ માહિતીનાં દસ્તાવેજોની પ્રમાણિત નકલો આપવી વિગેરે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ** :– (૧) અરજદારશ્રીની અરજી જા.મા.અ. અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરી નં.સી/આર.ટી.આઈ./૬૧૨, તા.૧૨/૦૨/૨૦૧૬ થી તબદીલ થઈ અત્રેના ખાતાને આરડીડી/ઈન/નં.૧૯૪૪, તા.૧૭/૦૨/૨૦૧૬ ના રોજ મળેલ છે.
(૨) અરજદાર મજકુરની આર.ટી.આઈ.ની અરજી આઈ.ડી. નં.૬૧૨, અને અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક મધ્યસ્થ કચેરી નં.સી./એફ.એ.પી./૪૪, તા.૧૪/૦૬/૨૦૧૬ થી તબદીલ થઈ અત્રેના ખાતાને ઈનવર્ડ નં.૪૮૯, તા.૨૦/૦૬/૨૦૧૬ ના રોજ મળેલ છે.

અરજદારશ્રી વિનોદ રામજીભાઈ પટેલની આઈડી નં. ૬૧૨ (મધ્યસ્થ કચેરી) તા.૧૦/૦૨/૨૦૧૬ ની અરજીથી માહિતીનો સમયગાળો તા.૦૧/૦૧/૧૦ થી તા.૩૧/૦૧/૧૬ સુધી તમામ માહિતીનાં દસ્તાવેજોની પ્રમાણિત નકલો આપવી વિગેરે મુદ્દા નં. ૧ થી ૫ માહિતી આપવા બાબતે અરજીમાં માંગેલ માંગ્યા મુજબની માહિતીઓ આપી નથી કે માહિતી ન આપવા સબબ અધિનિયમની જોગવાઈ મુજબ કોઈ વ્યાજબી કારણ દર્શાવતી વિગત પણ અમોને જણાવવામાં આવેલ નથી કે આરટીઆઈ એક્ટ – ૨૦૦૫ અન્વયે ધોરણસર રીતે કોઈ કાર્યવાહી પણ જવાબદાર અને સંબંધિત જાહેર માહિતી અધિકારી દ્વારા કરવામાં આવેલ ન હોવાનું વિગેરે કારણો જણાવી તા.૦૭/૦૬/૨૦૧૬ ના રોજ મધ્યસ્થ કચેરી ખાતે અપીલ અરજી કરવામાં આવેલ છે. જે મધ્યસ્થ કચેરીના પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. સી./એફ.એ.પી./૪૪ તા.૧૪/૦૬/૧૬ થી અત્રેના ખાતાને આંશિક તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રે તા.૨૦/૦૬/૧૬ ના રોજ મળેલ છે. સદર અરજી અત્રેના જાહેર માહિતી અધિકારીના માહિતી પુરી પાડવા અંગેના પત્રના અનુસંધાને લગભગ ત્રણ મહિનાના વિલંબથી અપીલ કરવામાં આવેલ છે. તથા વિલંબ અંગેના કારણો તથા વ્યાજબીપણું રજુ કરવામાં આવેલ નથી. તેમ છતાં પારદર્શિતા અને કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી અપીલ ગ્રાહ્ય રાખવામાં આવે છે.

અરજદારની આઈડી નં. ૬૧૨ તા.૧૦/૦૨/૧૬ ની અરજીથી માહિતીનો સમયગાળો તા.૦૧/૦૧/૧૦ થી તા.૩૧/૦૧/૧૬ સુધી તમામ માહિતીનાં દસ્તાવેજની પ્રમાણિત નકલો આપવી વિગેરે મુદ્દા નં. ૧ થી ૫ ની માહિતી માંગતી અરજી સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીને સંબોધતી અરજી મધ્યસ્થ કચેરી ખાતે કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક – મધ્યસ્થ કચેરી તરફથી પત્ર નં. સી/આરટીઆઈ/૬૧૨

તા.૧૦/૦૨/૧૬ થી નિયત સમયમર્યાદામાં અત્રેના ખાતાને તથા લાગત ખાતાઓને આંશિક તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક આર.ડી.ડી. ખાતા તરફથી લાગત મુદ્દા માટે પત્રક્રમાંક નં. આરડીડી/ઈન./ નં.૧૩૨૭, તા.૧૦/૦૩/૨૦૧૬થી નિયત સમયમર્યાદામાં મુદ્દા નં. ૧ બાબતે અત્રેના આર.ડી.ડી. ખાતામાં ફરજ બજાવતાં કર્મચારીઓનાં સ્થાવર અસ્કયામત ફોર્મ મધ્યસ્થ મહેકમ વિભાગને રવાના કરવામાં આવેલ છે. આથી આ અંગેની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગમાંથી મળી શકે અને તે માટે તેઓની અરજી સદર જાહેર માહિતી અધિકારીને તબદીલ થયેલ છે તથા ગીફ્ટ વિ. બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી કોઈ માહિતી માંગવામાં આવેલ ન હોઈ, અત્રેના આર.ડી.ડી. ખાતાના કોઈપણ કર્મચારી દ્વારા એવી માહિતી / ફોર્મ રજુ કરવામાં આવેલ નથી એવું જણાવવામાં આવેલ છે. મુદ્દા નં. ૨ બાબતે અત્રેના આર.ડી.ડી. ખાતામાં જુનીયર એન્જી./આસી.ઈજનેરની સમકક્ષ, ડે. એન્જી. ની સમકક્ષ કેડર તથા કર્મચારી વર્ગ – ૨ અને વર્ગ – ૧ ની કક્ષામાં આવતા કર્મચારીની માહિતી આપવામાં આવેલ છે. ઉપરાંત મુદ્દા નં. ૩,૪ અને ૫ અત્રેના ખાતાને લાગત ન હોવાથી માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી એવું જણાવવામાં આવેલ છે.

અરજદારે અપીલ તબકકે તેમની વિલંબીત અપીલ અરજી અંગે કોઈ વ્યાજબીપણું રજુ કરેલ નથી. જે અંગે આરટીઆઈ કાયદાની કલમ – ૧૯(૧) હેઠળ દિન – ૩૦ ની સમય મર્યાદાની અંદર નિર્ણયની જાણ કરેલ ન હોય અથવા જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થયેલ હોય તો આવી મુદ્દત પુરી થયાના અથવા આવો નિર્ણય મળ્યાની ૩૦ દિવસની અંદર જાહેર માહિતી અધિકારીથી ઉપલીકક્ષાનો દરજજો ધરાવતા અપીલ અધિકારીને અપીલ કરવાની રહે છે. ત્યારબાદ કરવામાં આવેલ અપીલ વિલંબીત અપીલ તરીકે ગણવામાં આવેલ છે. વિલંબીત અપીલ અરજી અંગે અરજદારે વિલંબીત અપીલ કરવા અંગે તેનું વાજબીપણું રજુ કરવાનું રહે અને તેવું વાજબીપણું રજુ કર્યેથી અપીલ ગ્રાહય રાખવી કે ન રાખવી તે અપીલ અધિકારીના નિર્ણય ઉપર આધારીત છે. પ્રસ્તુત કિસ્સામાં અરજદાર અપીલનું વિલંબીતપણું રજુ કરવામાં સફળ રહેલ નથી. આથી વિલંબીત અપીલ પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી. તેમ છતાં આરટીઆઈ આમુખમાં જણાવેલ પારદર્શિતા અને કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી આ અપીલ ગ્રાહય રાખી ગુણદોષના આધારે નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦/૦૨/૨૦૧૬ ની અરજીથી માંગવામાં આવેલ અત્રેના ખાતાને લાગત માહિતી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કર્લાક – આર.ડી.ડી. ખાતા તરફથી ઉપલબ્ધ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોવાથી તથા મુદ્દા નં ૩ થી ૫ બાબતે પણ અત્રેના ખાતાને લાગત ન હોવાનું જણાવેલ છે. તથા જાહેર માહિતી અધિકારી દ્વારા માહિતી અંગે ઈન્કાર કરવામાં આવેલ નથી કે આરટીઆઈ એકટની કલમ – ૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાયેલ નથી. આમ, અત્રેના ખાતાને લાગત અરજી બાબતે અપીલ અંગેનું કોઈ કારણ ઉત્પન્ન થતું ન હોઈ, સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અત્રેના ખાતા પુરતી અપીલ દફતરે કરવામાં આવે છે.

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં. ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦ – એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

કાર્યપાલક ઈજનેર અને અપીલ અધિકારી
રોડ ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ
સુરત મહાનગરપાલિકા, સુરત

પ્રતિ,
**શ્રી વિનોદ રામજીભાઈ પટેલ,**

# સને ૨૦૧૬–૧૭

ડી.એ.હરપ્લાની
કાર્યપાલક ઈજનેર
રોડ ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ.

સુરત મહાનગરપાલિકા,
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩
FAX NO. 0261-2422110

અપીલ અરજી તા.૦૩/૦૬/૨૦૧૬
(મધ્યસ્થ કેચરી)
ક્રમ નં.ડી/૨૪૧૮
RDD/OUT NO.458,
DT.29-07-2016

**અરજદાર** :– શ્રીમતી પુષ્પાબેન જયરામભાઈ પટેલ

**સામાવાળા** :– ડેપ્યુટી ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારીશ્રી (રોડ ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ)

**ફરિયાદની હકીકત**

**વિષય** :– આરટીઆઈ એકટ હેઠળની શ્રીમતી પુષ્પાબેન જયરામભાઈ પટેલની દ્વારા આર.ટી.આઈ. એકટ અંતર્ગત તા.૨૮/૦૪/૨૦૧૬ ની અરજીથી માહિતી (૧) સોસાયટીમાં નવો રોડ બનાવવાનો અધિકાર જો એસ.એમ.સી. ને આપેલ હોય તો તે સોસાયટીમાં આવેલ વૃક્ષો માટે બનાવેલ કયારી કયાં સંજોગોમાં કાઢવાની જરૂરીયાત રહે છે. તો તે દર્શાવતો સર્કયુલર કે ગાઈડલાઈન બાબતનું ડોકયુમેન્ટ આપવું, (૨) જો સોસાયટીમાં આવેલ વૃક્ષો માટે બનાવેલ કયારી કાઢવી પડે એમ હોય તો તેના માટેની શું પ્રક્રિયા છે? તો તે દર્શાવતો સર્કયુલર કે ગાઈડલાઈન બાબતનું ડોકયુમેન્ટ આપવું, અને (૩) જો સોસાયટીમાં આવેલ વૃક્ષો માટે બનાવેલ કયારી કાઢવવા માટે ઉપરોકત સર્કયુલર કે ગાઈડલાઈન પ્રમાણે કામગીરી ન થાય હોય તો શું સંબંધિત અધિકારી તેમજ કોન્ટ્રાકટર વિરુધ્ધ શું પગલા લેવામાં આવે છે? તો તે દર્શાવતો સર્કયુલર કે ગાઈડલાઈન બાબતનું ડોકયુમેન્ટ આપવું તે બાબતનું ડોકયુમેન્ટ માંગવામાં આવેલ.

**સંદર્ભ** :– (૧) અરજદારની તા.૦૩/૦૬/૨૦૧૬ ની પ્રથમ અપીલ અરજી, જે તા.૦૬/૦૬/૨૦૧૬ ના રોજ મધ્યસ્થ કચેરીમાં ઈનવર્ડ થયેલ અને અત્રેના ડીપાર્ટમેન્ટમાં તા.૨૮/૦૬/૨૦૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ.

(૨) આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ તા.૦૭/૦૬/૨૦૧૬ ની અરજદારની અરજી આઈ.ડી. નં.૫૬૧

(૩) જાહેર માહિતી અધિકારીશ્રીનો પત્ર નં. આરડીડી/આ./નં.૩૦૩, તા.૨૭/૦૬/૨૦૧૬.

(૪) અપીલ અધિકારીશ્રીનો રૂબરૂ સુનવણી માટે લખેલ પત્ર નં. આરડીડી/આ./૩૭૨, તા.૧૩/૦૭/૨૦૧૬.

અરજદાર શ્રીમતી પુષ્પાબેન જયરામભાઈ પટેલની મૂળ અરજી અન્વયે નિયત સમયમર્યાદામાં જવાબ મળેલ નથી બાબતે તા.૦૩/૦૬/૨૦૧૬ થી પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ છે જે અન્વયે અત્રેના ડીપાર્ટમેન્ટમાં પત્ર આરડીડી/આઉટ/નં.૩૭૨, તા.૧૩/૦૭/૨૦૧૬ થી અરજદારશ્રીને તા.૨૧/૦૬/૨૦૧૬ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે સુનવણીમાં ઉપસ્થિત રહેવા જાણ કરવામાં આવેલ જે નિયત તારીખે અરજદારશ્રી હાજર રહેલ નથી.

**અરજદારની રજુઆત :–** હાજર રહેલ નથી.

**જાહેર માહિતી અધિકારીની રજુઆત :–** અરજદારની મૂળ અરજી તા.૨૮/૦૪/૨૦૧૬ અત્રે મળેલ નથી. અત્રે અરજદારની અન્ય અરજી આઈ.ડી.નં.૫૬૧, તા.૦૭/૦૬/૨૦૧૬ થી મળેલ છે. જેનો જવાબ અરજદારને આઉટ વર્ડ નં.આરડીડી/૩૦૩, તા.૨૭/૦૬/૨૦૧૬ થી આપવામાં આવેલ છે. જેમાં અરજદાર માહિતી મેળવવા માટે જરૂરી નાણાં અરજદારે ભરેલ નથી.

## **–: હુકમ :–**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ તથા ઉપલબ્ધ હકીકતને ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર જે મૂળ અરજી માટે અપીલ કરી છે મૂળ અરજી અત્રે મળેલ નથી. અત્રે અરજદારની અન્ય અરજી મળેલ છે જેનો જવાબ જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા તા.૨૭/૦૬/૨૦૧૬ ના રોજ આપવામાં આવેલ છે. વધુમાં મૂળ અરજી નમુના–'ક' અન્વયે માહિતી ન મળે તો અરજદાર અપીલ કરી શકે છે. અને અરજદારને આ બાબતે વધુ તક આપવા માટે રૂબરૂ સુનવણી માટે બોલાવેલ જેમાં અરજદાર હાજર રહેલ નથી. જેથી અરજદારની અપીલ અરજી અંગે વધુ કશુ કરવાનું રહેતું નથી. અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં. ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦ – એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

એપેલેટ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
રોડ ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ
સુરત મહાનગરપાલિકા, સુરત

પ્રતિ,
શ્રીમતી પુષ્પાબેન જયરામભાઈ પટેલ